### નેતાઓના ડિજિટલ અને સ્માર્ટ સિટીના મોટા દાવાઓ વચ્ચે વિકાસની પોલ ખોલતી વાસ્તવિકતા

# વડોદરાના પ્રોડક્ટિવિટી રોડ પરથી ડ્રેનેજનું આખું લોખંડનું ઢાંકણું ચોરાયું!

નેતાઓ આવે છે ત્યારે મંચ પરથી વડોદરાની પાયાની સુવિધાઓના મોટા-મોટા બણગાં ફૂંકવામાં આવે છે



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

સ્માર્ટ સિટી અને સંસ્કારી નગરી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે એક ચોંકાવનારી અને વહીવટી તંત્રની આંખ ઉઘાડનારી ઘટના સામે આવી છે. વડોદરાના અત્યંત વ્યસ્ત અને વીઆઈપી ગણાતા અલકાપુરી વિસ્તારના પ્રોડક્ટિવિટી રોડ પર અજાણ્યા તસ્કરો દ્વારા ડ્રેનેજ લાઈન પર લગાવવામાં આવેલું લોખંડનું આખું ભારેખમ ઢાંકણું ચોરી જવામાં આવ્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હજારો નાગરિકો અને વાહનોની સતત અવરજવરથી ધમધમતા આ મુખ્ય માર્ગ પર ડ્રેનેજનું ઢાંકણું ગાયબ થઈ જતાં આખો રસ્તો અત્યંત જોખમી અને જીવલેણ બની ગયો છે. તંત્રની ઘોર બેદરકારીના કારણે અલ્કાપુરી જેવા ચાવીરૂપ વિસ્તારમાં પણ સામાન્ય ડ્રેનેજનાં ઢાંકણાં સુરક્ષિત ન હોવાથી સ્થાનિક લોકોમાં કોર્પોરેશન સામે ભારે રોષ અને નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક રહીશ ભોલેનાથ નામના નાગરિકે આ અંગે ભારે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગત રાત્રિ દરમિયાન કોઈ અજાણ્યા ચોરો ગટરનું આ લોખંડનું ઢાંકણું ચોરી ગયા છે. આ ગંભીર ઘટના અંગે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને જાણ હોવા છતાં તંત્ર હજુ સુધી ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે અને સ્થળ પર કોઈ યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કે નવું ઢાંકણું લગાવવા તસ્દી લેવાઈ નથી. ચોરીની આ ઘટના બાદ ગટર ખુલ્લી પડી હોવાથી રાત્રિના અંધારામાં કે વરસાદી માહોલમાં મોટો અકસ્માત સર્જાવાની પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને ટુ-વ્હીલર અને એક્ટિવા ચાલકો જો અજાણતા આ ખુલ્લી ડ્રેનેજમાં ખાબકે, તો નાગરિકોનો જીવ પણ જઈ શકે છે. મહત્વની વાત એ છે કે તંત્ર જાગે તે પહેલાં સ્થાનિક લોકોએ જાગૃતિ દાખવી છે. કોઈ મોટી જાનહાનિ કે ગમખ્વાર અકસ્માત ન સર્જાય તે માટે જાગૃત નાગરિકોએ ખુલ્લી ગટરની આસપાસ થર્મોકોલના ટુકડા અને ઝાડના સૂકા ડાળખાં ગોઠવીને કામચલાઉ આડશ ઊભી કરી છે, જેથી દૂરથી આવતા વાહનચાલકો સાવચેત થઈ શકે.

## હાંસોટ પંથકમાં મુશળધાર વરસાદ : કંટિયાળજાળ ગામમાં જળબંબોળ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

હાંસોટ પંથકમાં સતત વરસી રહેલા મુશળધાર વરસાદે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. દરિયાઈ કિનારે આવેલા કંટિયાળજાળ ગામમાં જળબંબોળ જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે ગ્રામજનોનું જનજીવન ખોરવાઈ ગયું છે.ગામના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જવાથી ઘરવખરીનું મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.

ગામના રાઠોડવાસ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણીનું સ્તર એટલું વધી ગયું છે કે લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે.સૌથી ચિંતાજનક બાબત એ છે કે ગામમાં આવેલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) પણ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. આથી ત્યાં સારવાર લેતા દર્દીઓ અને તબીબી સ્ટાફને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### ગોધરાના કથિત ગૌવંશ કતલ કરવાના કેસ

# મુખ્ય આરોપી સુફિયાન પઠાણની ધરપકડ, ૨૦ જુલાઈ સુધી રિમાન્ડ મંજૂર

સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ગુજસીટોક રઘુવીર પંડ્યા દ્વારા ધારદાર દલીલ કરાઈ



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

ગોધરા શહેરના બહુચર્ચિત GCTOC કેસમાં ધરપકડ કરાયેલા આરોપી સુફીયાનખાન ઉર્ફે એસ.કે. ઉર્ફે આતડીયાના વધુ પોલીસ કસ્ટડી રિમાન્ડને કોર્ટે 20 જુલાઈ, 2026 સુધી મંજૂરી આપતા તપાસ એજન્સીને સંગઠિત ગુનાહિત નેટવર્ક અંગે વધુ તપાસ કરવાની તક મળી છે. ગોધરા શહેર બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ (GCTOC) એક્ટ હેઠળના કેસમાં પોલીસે કથિત સંગઠિત ગુનાહિત ટોળકી સામે કાર્યવાહી કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ ટોળકી છેલ્લા કેટલાક વર્ષોથી ગૌવંશની ચોરી, ગેરકાયદે કતલ, ગૌમાંસના વેચાણ, પોલીસ પર હુમલા, સરકારી મિલકતોને નુકસાન અને સાક્ષીઓને ધમકી આપવા જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલી હોવાનો આક્ષેપ છે. કેસમાં અગાઉ પાંચ આરોપીઓની ધરપકડ થઈ હતી, જ્યારે સુફીયાનખાન ઉર્ફે આતડીયાને 7 જુલાઈએ ઝડપી લેવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન આરોપી સામે ગૌવંશ કતલ, ગૌમાંસ વેચાણ અને પોલીસ પર હુમલાના ચાર ગંભીર ગુનાઓ નોંધાયેલા હોવાનું તેમજ સમગ્ર ટોળકી સામે 19 ચાર્જશીટેડ ગુનાઓ ધ્યાને લેવામાં આવ્યા હોવાનું પોલીસે કોર્ટમાં રજૂ કર્યું હતું. પોલીસે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે ગેરકાયદે કતલખાનાં, અન્ય સાગરીતો, આર્થિક લાભથી ઉભી કરાયેલી મિલકતો અને સંગઠિત નેટવર્કની કડીઓ સુધી પહોંચવા આરોપીની વધુ પૂછપરછ જરૂરી છે.

### એસિડ પીધેલી હાલતમાં ૧૦૮ દ્વારા સયાજી હોસ્પિટલ ખસેડાયો

# નિમેટા બસ સ્ટોપ પાસે ૩૫ વર્ષીય યુવક બેભાન હાલતમાં મળી આવ્યો

યુવકને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક વડોદરાની SSGમાં ખસેડવામાં આવ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮

વડોદરા શહેર નજીકના નિમેટા ગામ ખાતે આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નિમેટા બસ સ્ટોપ પાસે એક ૩૫ વર્ષીય અજાણ્યો યુવક ગંભીર અને બેભાન અવસ્થામાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પ્રાથમિક તપાસમાં આ યુવકે એસિડ પી લીધું હોવાનું બહાર આવ્યું છે. મળતી માહિતી મુજબ, આજે નિમેટા ગામના બસ સ્ટોપ પાસે એક યુવકને અર્ધબેભાન અને પીડાતી હાલતમાં પડેલો જોઈ સ્થાનિક રાહદારીઓ એકત્ર થઈ ગયા હતા. યુવકની હાલત ગંભીર જણાતા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચીને યુવકની સ્થિતિની ગંભીરતા પારખી હતી. યુવકના મોઢામાંથી આવતી દુર્ગંધ અને તેની શારીરિક સ્થિતિ પરથી તેણે એસિડનું સેવન કર્યું હોવાનું સ્પષ્ટ જણાતું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સના તબીબી કર્મચારીઓએ યુવકને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. હાલ યુવક હોસ્પિટલમાં તબીબોની દેખરેખ હેઠળ તેની સઘન સારવાર ચાલી રહી છે. આ ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ પણ સક્રિય થઈ છે. અત્યાર સુધી યુવકની ઓળખ થઈ શકી નથી. યુવકે આ આત્મઘાતી પગલું કયા કારણોસર ભર્યું, તે એક રહસ્ય છે. શું તે કોઈ અંગત કારણોસર હતાશામાં હતો કે પછી આ કોઈ અન્ય ગંભીર બાબત છે, તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. હાલમાં આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસવાની અને નજીકના ગામોમાં યુવકની ઓળખ કરાવવાની કામગીરી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

### અંકલેશ્વરના નિશિથ રણાની કપ્તાની સફળ

# ભારતે દક્ષિણ એશિયન રોકબોલ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ હાંસલ કર્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.8

નેપાળની રાજધાની કાઠમંડુમાં 29મી જૂનથી 2જી જુલાઈ દરમિયાન આયોજિત પ્રથમ દક્ષિણ એશિયન સીનિયર અને મિક્સ રોકબોલ ચેમ્પિયનશિપમાં ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ શાનદાર પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ પોતાના નામ કરી દેશનું ગૌરવ વધાર્યું છે.ખાસ વાત એ રહી કે અંકલેશ્વર તાલુકાના ભડકોદ્રા ગામે રહેતા અને મૂળ વાલિયા તાલુકાના વિઠ્ઠલગામના વતની નિશિથસિંહ દિલીપસિંહ રણાને ભારતીય પુરુષ ટીમની કપ્તાની સોંપવામાં આવી હતી. તેમણે પોતાના નેતૃત્વમાં આખી ટીમને શ્રેષ્ઠ પ્રદર્શન કરાવી ફાઈનલ મેચમાં યજમાન નેપાળને હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો.





રોકબોલ એમેચ્યોર ફેડરેશન ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ શિવ કુમાર અને મહાસચિવ ભૂરંદ સાંગવાને જણાવ્યું કે, ₹ભારતીય મહિલા ટીમે કપ્તાન સાઈકા ખાનમ (જમ્મુ-કાશ્મીર)ના નેતૃત્વમાં અદ્ભુત સ્કિલ દર્શાવી ગોલ્ડ મેડલ જીત્યો. આ ટીમમાં ગુજરાત, રાજસ્થાનની બબીતા ગોયલ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરની પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લીધો હતો.

### ભરૂચ રેલ્વે સ્ટેશન પર 12 કલાક ફસાયેલી મહિલાનો આરોપ

# વીજળી, AC વિના મુસાફરોને રાખ્યા, RPFએ પાણી ભરાયેલા પ્લેટફોર્મ પર ઉતરવા ફરમાવ્યું

(પ્રતિનિધિ), ભરૂચ, તા.૮

ભારતના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે રેલ સેવાઓ ગંભીર રીતે પ્રભાવિત થઈ છે. આ વિક્ષેપ વચ્ચે ઝાંસીથી મુંબઈ જઈ રહેલી એક મહિલા ગુજરાતના ભરૂચ રેલ્વે સ્ટેશન પર 12 કલાકથી વધુ સમય સુધી ફસાઈ ગઈ હતી, અને તેમણે રેલ્વે સ્ટાફની બેદરકારી સામે ગંભીર આરોપો મૂક્યા છે. મહિલાએ સોશ્યલ મીડિયા પર શેર કરેલા વીડિયો ક્લિપમાં જણાવ્યું કે, તેમની ટ્રેન 5 જુલાઈએ ઝાંસીથી રવાના થઈ હતી અને 6 જુલાઈએ મુંબઈ પહોંચવાની હતી. પરંતુ 6 જુલાઈએ બપોરે 12:30 વાગ્યે પાણી ભરાયેલા ટ્રેકને કારણે ટ્રેનને ભરૂચમાં રોકવામાં આવી, અને સાંજે તેને સત્તાવાર રીતે રદ કરવામાં આવી. મહિલાએ આક્ષેપ



કર્યો કે, આ સમગ્ર દરમિયાન મુસાફરોને ટ્રેનની અંદર વીજળી, એર કન્ડીશનીંગ કે કાર્યરત ચાર્જિંગ પોઈન્ટ વિના રાખવામાં આવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું કે, આરપીએફ (રેલ્વે પ્રોટેક્શન ફોર્સ)ના સ્ટાફે મુસાફરોને ભારે વરસાદ વચ્ચે ટ્રેન ખાલી કરીને પ્લેટફોર્મ પર જવા કહ્યું, જે પહેલેથી જ પાણીથી ભરાઈ ગયું હતું. ₹રેલ્વે તરફથી કોઈ જવાબ નહોતો, અને હેલ્પલાઈન નંબરો પણ કામ કરતા નહોતા, તેમણે ફરિયાદ નોંધાવી. બીજી એક પોસ્ટમાં તેમણે દાવો કર્યો કે, વારંવાર વિનંતી કરવા છતાં નિયમિત મુસાફરો માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં ન આવી. એક વીડિયોમાં અન્ય મુસાફર સ્ટેશન માસ્ટરને થોડા કલાકો માટે વીજળી પુનઃસ્થાપિત થાય ત્યાં સુધી ટ્રેનમાં રહેવાની અરજ કરતો જોવા મળે છે, પરંતુ તે વિનંતીને ફગાવી દેવાઈ હોવાનું તેમણે જણાવ્યું.

### ખોપી ગામે વન વિભાગ V/S ખેડૂતો

# ખેડૂતો અને વન વિભાગના કર્મચારીઓ વચ્ચે તીખી બોલાચાલી અને ધક્કામુક્કી બાદ ઘર્ષણ

(પ્રતિનિધિ) સાગબારા, તા.8

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ગામમાં બુધવારે સવારે એક અણધારી ઘટનામાં સ્થાનિક આદિવાસી ખેડૂતો અને વન વિભાગના કર્મચારીઓ વચ્ચે તીખી બોલાચાલી અને ધક્કામુક્કી બાદ ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી.આ ઘટનાએ માત્ર ખોપી સહીત આજુબાજુ પંથકના અનેક ગામોમાં તણાવનું વાતાવરણ ફેલાવી દીધું છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, તેઓ વર્ષ 2005થી સતત આ જમીન પર ખેતી કરી રહ્યા છે. જોકે, વન વિભાગ દ્વારા તેમને વારંવાર 'અતિક્રમણ' ના આરોપે હેરાન કરવામાં આવે છે. ખેડૂતોનો મુખ્ય આક્ષેપ છે કે, તેમણે વન અધિકાર કાયદા (Forest Rights Act-2006) હેઠળ પોતાની જમીનના દાવા માટે અરજીઓ કરી છે, જે છેલ્લાં 8-10 વર્ષથી લંબિત છે. અરજીઓના નિકાલની કોઈ કાર્યવાહી ન થતાં, વન વિભાગના કર્મચારીઓ ખેતી વખતે સીધો વિરોધ ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ઉભો થયો છે. બુધવારે સવારે વન વિભાગની ટીમ



ખોપી ગામની સીમમાં દખલગીરી કરવા પહોંચી હતી. ત્યાં કામ કરતા ખેડૂતોએ તેમની સામે સવાલ ઉઠાવતાં શરૂઆતમાં મૌખિક ઝઘડો થયો, જે ધીમે ધીમે ધક્કામુક્કીમાં પરિણમ્યો. સ્થાનિક લોકોએ તાત્કાલિક આસપાસના ગામોના ખેડૂતોને જાણ કરતાં, ટૂંક સમયમાં મોટી સંખ્યામાં આદિવાસી ખેડૂતો એકઠા થઈ ગયા. પોલીસને ઘટનાસ્થળે દોડાવી દેવાઈ હતી, જોકે સમયસર દખલગીરીને કારણે કોઈ મોટી હિંસક ઘટના બની ન હતી. ઘટના બાદ એકત્રિત થયેલા ખેડૂતોએ સરકારને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, ₹જ્યાં સુધી વન અધિકાર કાયદા હેઠળની અમારી અરજીઓનો કાયદેસર અને ઝડપી નિકાલ નહીં થાય, ત્યાં સુધી અમે એકજૂટ રહી લડત ચાલુ રાખીશું.₹ તેમણે વન વિભાગની 'સતામણી' તરત બંધ કરવા અને જિલ્લા કલેક્ટરે પોતે આ બાબતની તપાસ કરી ખેડૂતોને રાહત આપવાની માંગ કરી છે. ખેડૂતોનું કહેવું છે કે, કાયદો તેમને આ જમીન પર ખેતીનો અધિકાર આપે છે, છતાં વન વિભાગ વર્ષો જૂની અરજીઓને લટકાવીને તેમની રોજીરોટી પર પ્રહાર કરી રહ્યો છે. બીજી તરફ, વન વિભાગના અધિકારીઓનો દાવો છે કે, આ જમીનો વન વિભાગની નોંધણીમાં છે અને ખેડૂતોની અરજીઓ પ્રક્રિયાધીન છે. તેમણે ઉમેર્યું કે, કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા વિના ખેતીને મંજૂરી આપી શકાય નહીં. જોકે, ખેડૂતો આ ખુલાસાથી સંતુષ્ટ નથી અને અરજીઓના દાયકાઓ જૂના વિલંબ પર સવાલ ઉઠાવી રહ્યા છે. આ સમગ્ર ઘટનાને કારણે સાગબારા પંથકમાં ભારે ચર્ચા જાગી છે. આદિવાસી સંગઠનો પણ ખેડૂતોના સમર્થનમાં ઉતરી આવ્યા છે.

### ગ્રીન સંકલ્પ સાથે 10 હજાર વૃક્ષો રોપવાનું લક્ષ્ય

# સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે વડોદરા પોલીસ દ્વારા વૃક્ષારોપણ યોજાયું



(પ્રતિનિધિ) સાગબારા, તા.8

સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે વડોદરા શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની ઉપસ્થિતિમાં વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં 300થી વધુ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોલીસ કમિશ્નરના હસ્તે પ્રથમ છોડ રોપી ગ્રીન ડ્રાઈવનો પ્રારંભ કરાયો હતો. ત્યારબાદ હેડક્વાર્ટર પરિસરમાં વિવિધ પર્યાવરણલક્ષી અને છાંયો આપતા વૃક્ષોનું સામૂહિક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વડોદરા શહેર પોલીસે આગામી સમયમાં 10 હજાર વૃક્ષોનું રોપણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. આ પ્રસંગે પોલીસ કમિશ્નરે જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર કુદરતી સંપત્તિ નથી, પરંતુ ઉજ્જવળ ભવિષ્યનો આધાર છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી સાથે પર્યાવરણ પ્રત્યેની સામાજિક જવાબદારી નિભાવવી પણ પોલીસની ફરજ છે. કાર્યક્રમ દરમિયાન તમામ કર્મચારીઓએ રોપાયેલા છોડનું જતન કરીને તેને ઘટાદાર વૃક્ષ બનાવવાનો સંકલ્પ લીધો હતો.

### વડોદરા પાલિકાની 'મોડી' જાગૃતિ, વરસાદ આવ્યા પછી તળાવ અને કાંસની સફાઈનું નાટક

# ગોત્રી-વાસણા તળાવ અને વરસાદી કાંસની સફાઈ કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ, ચોમાસાના આગમન બાદ હવે સફાઈના કામોમાં પરોવાયું છે. શહેરના પશ્ચિમ ઝોનમાં વોર્ડ નં. ૧૦ અને ૧૧ દ્વારા હાથ ધરવામાં આવેલી ગોત્રી, વાસણા તળાવની સફાઈ અને સ્ટોર્મ વોટર ડ્રેનેજની કામગીરીને લઈને પાલિકાના 'સમયપાલન' પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. પાલિકા દ્વારા તળાવમાંથી ગાદ, પ્લાસ્ટિક અને ઝાડી-ઝાંખરા દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. પ્રશ્ન એ થાય છે કે જ્યારે આખું વર્ષ પાલિકા પાસે સમય હતો,




ત્યારે આ કામગીરી માટે વરસાદની સીઝન જ કેમ પસંદ કરવામાં આવી ? શું પાલિકાના તંત્રને વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો અહેસાસ ચોમાસું બેઠા પછી જ થાય છે ? તંત્રનો દાવો છે કે આ સફાઈથી જળસ્તર ઊંચું આવશે અને મચ્છરોના ઉપદ્રવમાં ઘટાડો થશે. પરંતુ શહેરીજનો સારી રીતે જાણે છે કે પાલિકાના આ 'સફાઈ અભિયાન' મોટાભાગે કાગળ પર અને ચોમાસાના થોડા દિવસો પૂરતા જ સીમિત રહે છે. સંકેત હાઈટ્સ, અક્ષર ચોક પાસેની વરસાદી કાંસની સફાઈનો ઉલ્લેખ કરીને પાલિકા પોતાની પીઠ થપથપાવી રહી છે, પરંતુ શું આ કામગીરી આખા વર્ષ માટે સ્થાયી ઉકેલ લાવશે, કે પછી આવતા વર્ષે પણ 'ત્યાંના ત્યાં' જ રહેશે ? વર્ષના અન્ય મહિનાઓમાં તળાવો અને કાંસની અવદશા માટે જવાબદાર કોણ ? શું તંત્ર માત્ર વરસાદની સીઝનમાં જ જાગીને કામગીરી કરવાનું નાટક કરીને પોતાની બેદરકારી છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે ?

### લાલબ્રિજ પરથી પસાર થતા લોકોએ દ્રશ્યો મોબાઈલમાં કંડાર્યા

# ઢાઢર નદીમાં એક સાથે મોટી સંખ્યામાં મગરો જોવા મળતા લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વિશ્વામિત્રી નદી મગરોના આશ્રયસ્થાન તરીકે જાણીતી છે. આ નદીમાં મોટી સંખ્યામાં મગરો આશરો લઈ રહ્યા છે. વિશ્વામિત્રી નદી આગળ જઈને જાંબુઆ બ્રિજ પાસેથી પસાર થતી ઢાઢર નદીમાં ભળે છે. ત્યારે ઢાઢર નદીમાં એક સાથે મોટી સંખ્યામાં મગરો તરતા જોવા મળ્યા હતા. નદીના પાણીમાં અલગ-અલગ દિશામાં મગરોની અવરજવરનો નજારો કોઈપણને રોમાંચિત કરી દે તેવો હતો. બ્રિજ પરથી પસાર થતા નાગરિકો આ દ્રશ્ય જોઈને ઉભા રહી ગયા હતા. લોકોએ પોતાના મોબાઈલમાં આ નજારાને કેદ કરી લીધો હતો. મગરોનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ભારે



વાયરલ થયો છે અને લોકો તેને શેર કરી રહ્યા છે. જ્યારે તંત્ર દ્વારા અનુસાર ચોમાસામાં પાણીનું સ્તર વધતા મગરો નદીમાં વધુ સક્રિય થાય છે. નાગરિકોને નદી કિનારે ન જવાની અને સાવધાની રાખવાની સૂચના આપવામાં આવી છે. જ્યારે બીજી તરફ વાસણા ભાયલી વિસ્તારમાં પણ 9 ફૂટનો મહાકાય મગર દેખાતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયેલો જોવા મળ્યો હતો. ગેલેક્સી બંગ્લોઝ પાસે 9 ફૂટ લાંબો મહાકાય મગર આવી ચડતાં સ્થાનિકો દ્વારા ગૌ રક્ષા સેવા સમિતિના કાર્યકર્તાઓને જાણ કરાઈ હતી. જે મુદ્દે તાબતોડ કાર્યકર્તાઓ ઘટનાસ્થળે દોડી આવી સુરક્ષિત રીતે મગરને પાંજરે પૂર્યો હતો.

## છાણી યોગી નગરમાં બ્યુટી પાર્લરમાંથી પાટલાઘોનું રેસ્ક્યૂ

વડોદરા : વડોદરા શહેરના છાણી વિસ્તારમાં આવેલા રામ કાકા પાસે યોગી નગર ખાતે આવેલી એક બ્યુટી પાર્લરની દુકાનમાં અચાનક નાની પાટલાગો આવી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યૂ ટ્રસ્ટના સભ્ય સમીરભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચી પાટલાગોનું સફળ રેસ્ક્યૂ કર્યું હતું.

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Ankleshwar Industrial Division**
Third Floor, Opp. ONGC Workshop, Nr. Over Bridge, Ankleshwar - 393001, Gujarat
Toll Free No. 19123 or 1800 233 3003

**Tender Notice No. ANK/IND/EXP/26-27/Adv. No. 03**

Tenders are invited for the works of (1) Erection and maintenance of HT/LT lines and T/C structures and erection, testing & commissioning of 11/22 kV underground XLPE cable (XLPE cable will be supplied by DGVCL) with 11/22 kV cable end termination & straight through jointing kits (to be supplied by the contractor) for Ankleshwar Town and Ankleshwar East sub-divisions and all other sub-divisions under the jurisdiction of Ankleshwar Industrial Division for all other Scheme works. (2) Supply of HV/LV brass metal and various in-house materials under Ankleshwar Industrial Division. Details are available on www.dgvcl.com and http://dgvcl.nprocure.com.

**EE (O&M), Ankleshwar Ind. Division, DGVCL.**

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

केनरा बैंक Canara Bank
भारत सरकार का उपक्रम A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate

એ.આર.એમ. શાખા, મુંબઈ
કેનરા બેંક બિલ્ડિંગ, ચોથો માળ, આદિ મર્ઝબાન પથ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ-400 001
ઈમેલ: cb2360@canarabank.com ફોન: 8655948019/54 વેબસાઈટ: www.canarabank.com

**વેચાણ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (સરફેસી એક્ટ)ની કલમ 8(6) અને 9ના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002 સાથે વાંચતા સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી સામાન્ય જનતા અને ખાસ કરીને દેવાદાર(ઓ) અને જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જેનો કબજો કેનરા બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના લેણાંની વસૂલાત માટે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ"ના ધોરણે વેચાણ કરવામાં આવશે. અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખ અથવા તે પહેલાં જમા કરાવવાની રહેશે. આ રકમ મેસર્સ PSB એલાયન્સ પ્રાઇવેટ લિમિટેડ (Baanknet) પોર્ટલના ઈ-વોલેટમાં સીધી જમા કરાવીને અથવા RTGS/NEFT દ્વારા EMD જમા કરવા માટે ચલણ જનરેટ કરીને તે ચલણમાં દર્શાવેલ ખાતાની વિગતો મુજબ જમા કરાવવાની રહેશે. EMDની વિગતો અને અન્ય દસ્તાવેજો નીચે કોષ્ટકમાં દર્શાવેલ તારીખ અથવા તે પહેલાં સેવા પ્રદાતાને સબમિટ કરવાના રહેશે. મિલકતોના નિરીક્ષણની તારીખ અધિકૃત અધિકારીની પૂર્વ એપોઇન્ટમેન્ટ સાથે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે:

| અ. નં. | દેવાદાર(ઓ) / જામીનદાર(ઓ) / મોર્ગેજર(ઓ) ના નામ | બાકી લેણી રકમ | સુરક્ષા / મિલકતોની વિગતો (કબજાની સ્થિતિ) | અનામત કિંમત (R.P.) / અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) |
|---|---|---|---|---|
| 1 | શ્રીમતી રીમા કાર્તિક વસાણી અને શ્રી કાર્તિક પ્રવિણચંદ્ર વસાણી. | રૂ. 3,01,83,930.82 (તારીખ 30.06.2025 ના રોજ) વત્તા 01.07.2025 થી આગળનું વ્યાજ અને અન્ય ચાર્જીસ. | પ્લોટ નં. 89 અને 90, રેવન્યુ સર્વે નં: 872, 873, 874, અને 878, ગજાનના, કુમેઠા 390019, વડોદરા, ગુજરાત. પ્લોટનું કુલ ક્ષેત્રફળ 347.14 ચોરસ મીટર છે. કોમન રોડ, પ્લોટ અને સુવિધાઓમાં અવિભાજિત હિસ્સો 234.23 ચોરસ મીટર છે. મિલકતની સીમાઓ: ઉત્તરે- પ્લોટ નં 90, દક્ષિણે- પ્લોટ નં 88, પૂર્વે- 7.5 મીટર પહોળો રસ્તો, પશ્ચિમે- પ્લોટ નં 92. (પ્રત્યક્ષ કબજો) | Rs. 52,00,000/- Rs. 5,20,000/- |
| | | | પ્લોટ નં. 194 & 195, રેવન્યુ સર્વે નં: 872, 873, 874 અને 878, ગજાનના, કુમેઠા 390019, વડોદરા, ગુજરાત. પ્લોટનું કુલ ક્ષેત્રફળ 387.80 ચોરસ મીટર છે. કોમન રોડ, પ્લોટ અને સુવિધાઓમાં અવિભાજિત હિસ્સો 193.57 ચોરસ મીટર છે. મિલકતની સીમાઓ: ઉત્તરે- બ્લોક નં 871, દક્ષિણે- 9 મીટર પહોળો રસ્તો, પૂર્વે- પ્લોટ નં 196, પશ્ચિમે- પ્લોટ નં 194. (પ્રત્યક્ષ કબજો ) | Rs. 55,00,000/- Rs. 5,50,000/- |

ઈ-હરાજીની તારીખ: 28.07.2026 બિડ / EMD / ભાગ લેવા માટેના વિનંતી પત્ર સબમિટ કરવાની છેલ્લી તારીખ: 27.07.2026 સાંજે 5.00 વાગ્યા પહેલાં. વેચાણની તારીખ: 06.07.2026

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને કેનરા બેંકની વેબસાઇટ (www.canarabank.com) પર આપવામાં આવેલી લિંક "E-Auction" જુઓ અથવા કોઈપણ કામકાજના દિવસે ઓફિસ સમય દરમિયાન શ્રી સુદર્શન જોશી, આસિસ્ટન્ટ જનરલ મેનેજર, કેનરા બેંક, ARM શાખા, મુંબઈ (સંપર્ક નં. 8655948054) અથવા શ્રી રૂપેશ પિલ્લેવાન, મેનેજર, (ક્રમ નં. 1) (મોબાઈલ નં. 9380160126) ઈમેલ આઈડી: cb2360@canarabank.comનો સંપર્ક કરી શકો છો. અથવા સેવા પ્રદાતા મેસર્સ PSB એલાયન્સ (BAANKNET), યુનિટ 1, ત્રીજો માળ, VIOS કોમર્શિયલ ટાવર, વડાલા ટ્રક ટર્મિનલ નજીક, વડાલા ઈસ્ટ, મુંબઈ-400 037, સંપર્ક વ્યક્તિ - શ્રી ધર્મેશ આશેર મોબા. 9892219848, (avp.projectmanager2@psballiance.com), હેલ્પ ડેસ્ક નં. 8291220220, (support.BAANKNET@psballiance.com), વેબસાઇટ - https://baanknet.inનો સંપર્ક કરી શકો છો.

સહી/-
અધિકૃત અધિકારી,
એ.આર.એમ.-શાખા, કેનરા બેંક
સ્થળ: મુંબઈ